# કોંગ્રેસ પાસે મોંઘવારીનું અમોઘ શસ્ત્ર

**તંત્રીસ્થાનેથી...**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શાસનકાળ દરમિયાન ક્રુડ ઑઈલના આંતરરાષ્ટ્રીય ભાવોમાં ધરખમ ઘટાડા છતાં એનો લાભ ઘર આંગણે ડિઝલ-પેટ્રોલ વાપરનારને નથી મળી શક્યો તે મુદ્દે બીજો કોઈ વિરોધ પક્ષ હોય તો રસ્તાઓ પર ઊતરી આવ્યો હોત. કોંગ્રેસ આ મુદ્દે માત્ર ટીવી ચેનલોની ચર્ચામાં રજૂઆત કરીને ઈતિશ્રી માનતી રહી છે. વિચાર કરો : આ જ સ્થિતિ ડૉ. મનમોહનસિંહના શાસનકાળમાં સરજાઈ હોય તો ભાજપે ઊહાપોહ કરવામાં બાકી રાખ્યું હોત ખરું? કોંગ્રેસના ગુજરાત એકમે હમણાં હમણાં 'અબ કી બાર - મોંઘવારીનો માર' સૂત્ર સાથે રાજય અને દેશની ભાજપ સરકાર વિરુદ્ધ ઝુંબેશ જરુર ઉપાડી છે. પરંતુ મહદંશે કોંગ્રેસનાં આ વિરોધ પ્રદર્શનો પ્રજાકીય સહયોગ વગરનાં જ રહ્યાં છે. ફક્ત કોંગ્રેસના આગેવાનો અને પછાત વર્ગના અમુક ફિક્સ કાર્યકરોનું ટોળું જ આવાં પ્રદર્શનોમાં દેખાતું હોય છે. મોંઘવારી નાખવામાં સદંતર નિષ્ફળ ગયેલી ભાજપ સરકાર વિરુદ્ધ ગૃહિણીઓને અને મધ્યમવર્ગના લોકોને જાગ્રત કરવામાં કોંગ્રેસના છાપેલાં કાટલાં જેવા રાષ્ટ્રીય આગેવાનોને ઝાઝી સફળતા નથી સાંપડી. એક રીતે આ લોકશાહીની પણ વિડંબના જ કહેવાય કે વિરોધ પક્ષનો જયારે વિરોધ માટેની સોનેરી તક સામે ચાલીને આવી મળે છે ત્યારે પણ એ બગાસાં જ ખાતો રહે છે. વિરોધ પક્ષનો ખરો તરવરાટ આમ આદમી પાર્ટીમાં જોઈ શકાય છે. જો કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી સત્તા ઉપર છે, છતાં એની પ્રકૃતિ સત્તા પક્ષ કરતાં સવિશેષ વિરોધ પક્ષની જ રહી છે. કયારેક તો એ વિરોધનો અતિરેક પણ થતો જોવા મળે છે. પરંતુ પ્રજાને સતત એક વાતનો ખ્યાલ રહે છે કે કેન્દ્ર સરકાર કેજરી સરકારને કોઈ ને કોઈ બહાને કનડગત કરતી રહે છે. કોંગ્રેસને પણ કનડગત તો કરે જ છે, પણ એમાં એક જ પરિવાર સંડોવાયેલો છે, જેને મોદી એન્ડ કંપની સતત ટાર્ગેટ કરી રહી છે. 'કોંગ્રેસમુક્ત ભારત'નું વડાપ્રધાનનું સૂત્ર ભાજપના દરેક કાર્યકરે હોંશે હોંશે, ઉમળકાપૂર્વક સ્વીકારી લીધું છે. રોબર્ટ વાડ્રાના જમીન કૌભાંડ કે હેલિકોપ્ટર ખરીદીમાં સોનિયાના ઈશારા વિશે આમ જનતાને ભાગ્યે જ કોઈ શંકા હશે. જયાં સુધી કૌભાંડોનો સવાલ છે, મનમોહન સરકાર વખતનાં કૌભાંડોનો પર્દાફાશ ચાલુ છે જયારે છેલ્લાં બે વર્ષના શાસનકાળ દરમિયાન મોદી સરકાર સામે ભ્રષ્ટાચારનો એક પણ આક્ષેપ થયેલ નથી. આથી દેખીતી રીતે જ કોંગ્રેસના સામાન્ય કાર્યકરનો જુસ્સો ઠંડી પડી ગયેલો છે. ચૂંટણીની રૂએ સતત નિષ્ફળતાને વરેલા રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ, રોબર્ટ કે સોનિયા ગાંધીમાં કોંગ્રેસના પાયાના કાર્યકરને ઝાઝો રસ નથી. એની પાસે સ્થાનિક કક્ષાએ શંકરસિંહ વાઘેલા, ભરત સોલંકી અને શક્તિસિંહ ગોહિલ કે અર્જુન મોઢવાડિયા જેવા શક્તિશાળી નેતાઓ છે, જે ગુજરાતની પ્રજામાં મૂઠી ઊંચેરી ઈમેજ ધરાવે છે. તકલીફ એ મુદ્દે છે કે કેન્દ્રી નેતાગીરી મોદી આગળ વામણી પુરવાર થઈ રહી છે અને કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય દિનપ્રતિદિન વધુ ને વધુ સંકોચાઈ રહી છે.

# હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજય એક બલા છે

## લોર્ડ અર્વિનને લખેલો ગાંધીજીનો પત્ર

**ગાંધી ૧૦૦**
ડૉ. રાજેન્દ્ર જાની



દાંડીકૂચનો આરંભ તો ગાંધીજીએ ૧૨મી માર્ચ ૧૯૩૦થી કર્યો હતો પણ મીઠાના સત્યાગ્રહ તરીકે જાણીતી થયેલી આ કુચ સવિનય કાનૂન ભંગની લડત હતી. કુચ તો ૧૨ માર્ચે શરુ થઈ પણ આ આંદોલનનો પ્રારંભ ગાંધીએ ૨જી માર્ચથી કરી દીધો હતો. અંગ્રેજ વાઈસરોયને લખેલા ઐતિહાસિક પત્રથી. આ પત્રમાં તેમણે વાઈસરોયને 'હિંદની પાયમાલીની કરૂણ કથા' વર્ણવી હતી. હિંદ સાથેના અનેક અન્યાયોને તત્કાળ દૂર કરવા તેમણે પત્રમાં આદરપૂર્વક વિનંતી કરી હતી.

અંગ્રેજ વાઈસરોય લોર્ડ અર્વિનને લખેલાં આ પત્ર તેમણે ગાંધીની સાથે સત્યાગ્રહમાં જોડાયેલા યુવાન રેજિનલ્ડ રેનલ્ડ્સ મારફતે મોકલ્યો હતો. પત્રના અંતમાં ગાંધી આ વિશે નોંધે છે કે 'આ પત્ર હું એક અંગ્રેજ યુવક દ્વારા આપને પહોંચાડવાનો ખાસ માર્ગ લઉં છું. એ યુવક હિંદની લડત ન્યાયી છે એમ માને છે, અહિંસામાં એને પૂર્ણ શ્રદ્ધા છે એન જાણે ઈશ્વરે જ એને આ પત્ર માટે મારી પાસે મોકલી આપ્યો હોય તેમ મારી પાસે આવ્યો છે.'

વાઈસરોયને લખાયેલો આ પત્ર પ્રિય મિત્રના સંબોધન સાથે બાપુએ લખ્યો હતો. પોતે અંગ્રેજી રાજયને શા માટે બલારૂપ માને છે? એવા સવાલોથી લઈને રાજય દ્વારા કરતા ખોટા ખર્ચાઓની વિગત પણ તેમણે વાઈસરોયના પગારના દાખલા સાથે પત્રમાં વર્ણવી હતી. તેમણે બહુ વિનયપૂર્વક સ્પષ્ટ કર્યુ હતું કે અંગ્રેજી રાજયે એક એવા પ્રકારનું તંત્ર ગોઠવી દીધું છે કે એથી દેશ સદૈવ વધતા પ્રમાણમાં ચુસાયા કરે. વળી તંત્રનો લશ્કરી અને દિવાની ખર્ચ એટલો સત્યાનાશ વાળનારો છે કે દેશને એ કદી પોસાઈ શકે એમ નથી. આનો પરિણામે, હિંદુસ્તાનની સાંકડી કોટયવધિ પ્રજા ભિખારી થઈ ગઈ છે.

આ તકે તેમણે ગેરસમજ ન થાય માટે એક સ્પષ્ટતા કરી હતી. 'હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજયનો અમલ એક બલા છે એમ હું માનું છું ખરો. પણ તેથી અંગ્રેજો માત્ર દુનિયાના બીજા લોકો કરતા વધારે દુષ્ટ છે એવું મેં કદી માન્યું નથી. ઘણા અંગ્રેજો સાથે ગાઢ મિત્રતા બાંધવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે. એટલું જ નહીં પણ, અંગ્રેજી રાજયે હિંદુસ્તાનને કરેલા નુકસાન વિશેની ઘણી હકીકતો તો કઠોર સત્યને નિખાલસ અને નીડર રીતો ખુલ્લું પાડનારા ઘણા અંગ્રેજોના લખાણોમાંથી જ મેં જાણી છે.'

અંગ્રેજી રાજયને જગતના સૌથી વધારે ખર્ચાળ એવા પરદેશી રાજતંત્ર તરીકે દર્શાવતા તેમણે કહ્યું કે, આપના પગારનો દાખલો જ લો. એ માસિક રૂ.૨૧,૦૦૦થી વધુ છે. એ ઉપરાંત તેમાં ભથ્થાં એન બીજા આડાઅવળા ઉમેરા જુદા. આ સામે ઈંગ્લેન્ડના મુખ્ય પ્રધાનનો પગાર સરખાવો. એને વર્ષે ૫૦૦૦ પાઉંડ, એટલે આજના ભાવે મહિને રૂા.૫૪૦૦થી કાંઈક વધુ. જે દેશમાં દરેક માણસની સરેરાશ દૈનિક આવક બે આનાથી ઓછી તે ત્યાં આપને રૂ.૭૦૦ થી વધારેનો દૈનિક રોજ મળે છે. જયારે ઈંગ્લેન્ડના વતનીની દૈનિક આવક રોજની સરેરાશ રૂા.૨ની ગણાય છે, ત્યારે તેના મુખ્ય પ્રધાનને રૂ.૧૮૦ નો રોજ મળે છે. આ રીતે આપ પગારરુપે ૫૦૦૦ થી વધુ હિંદીઓની સરેરાશ કમાણી ઉપાડો છો; જયારે ઈંગ્લેન્ડનો મુખ્ય પ્રધાન માત્ર ૯૦ અંગ્રેજોની કમાણી ઉપાડે છે! આ અજબ વિષમતા ઉપર જરા ધ્યાનપૂર્વક વિચારી જોવા ગાંધીજી વિનંતી કરે છે, અને સાથે સાથે ચોખવટ કરે છે કે એક કઠોર પણ સાચી હકીકત બરાબર સમજાય તે માટે મારે આપને વિશે એટલો આદરભાવ છે કે આપની લાગણી દુભાય એવું કહેવા હું ન ચાહું. હું જાણું છું કે (મહાત્મા ગાંધી) આવડો પગાર આપને મળે એમ આપ ઈચ્છતા નથી. કદાચ આખોયે પગાર આપ સખાવતમાં આપી દેતા હશો. પણ જે રાજય પદ્ધતિ આવી ઉડાઉ વ્યવસ્થા યોજે છે તેને તાબડતોબ તિલાંજલિ આપવી ઘટે. જે દલીલ આપના પગારને લાગુ પડે છે, અતે આખા રાજતંત્રને લાગુ પડે છે.

લેખમાં અગાઉ ઉલ્લેખ થયો છે કે અંગ્રેજ યુવાન મારફતે વાઈસરોયને ગાંધીજીએ પત્ર પાઠવ્યો હતો. હિંદની લડતને ન્યાયી માનતા અને અહિંસામાં શ્રદ્ધા ધરાવતા આ અંગ્રેજ યુવક રેજિનલ્ડ રેનલ્ડસ્‌ને આ પત્ર લઈ જતાં પહેલાં ધ્યાનથી વાચી જવા બાપુએ કહ્યું હતું. કારણ કે એ પત્રમાં જણાવેલ બાબત સાથે પૂરેપૂરા સંમત થયા વગર હું એ કામમાં જોડાઉં એમ ગંધી ઈચ્છતા ન હતો એમ આ યુવકે ટુ લિવ ઈન મેનકાઈન્ડ' નામના પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે.

સંદર્ભ : ગાંધીજીનો અક્ષર દેહ, ભાગ-૪૩, લોર્ડ અર્વિનને પત્ર, પૃષ્ઠ : ૨ થી ૮)

**(લેખક ગુજરાત કોલેજ અમદાવાદ ખાતે સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# શબ્દ એ બ્રહ્મ છે અને શબ્દ એ શસ્ત્ર પણ છે, શબ્દ સરળ છે અને શકિતશાળી પણ છે

**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર



એક સંવાદ :

તારો ચહેરો ફિક્કો કેમ લાગે છે? તારા ચહેરાનું નૂર ઊડી ગયેલું છે. તને કાંઈ થયુ છે કે શું? શું તને એઈડ્ઝ તો નથી થયો ને ?'' બસ ... ખલાસ. થઈ ગયુ. આટલું કહેતાની સાથે જ એક સાજો સમો, સ્વસ્થ માણસ ધંધે લાગી જશે. એક શબ્દ તીરની જેમ છૂટે છે ને માણસનું જીવવું હરામ કરી દે છે. અન્ય માણસને મારવા હવે અણુબોંબની જરૂર નથી તે માટે એક અવળો શબ્દ જ પૂરતો છે.

શબ્દ એ બ્રહ્મ છે અને શબ્દ એ શસ્ત્ર પણ છે. શબ્દ સરળ છે અને શકિતશાળી પણ છે. માત્ર એક શબ્દને કારણે મહાભારત સર્જાયુ હોય કે વિશ્વશાંતિ સ્થપાઈ હોય એવા અનેક પ્રસંગો છે.

ડૉ. મિગ્યૂઅલ રુઈઝ નામના લેખકે એક અદ્‌ભૂત પુસ્તક લખ્યુ, 'ધ ફોર એગ્રીમેન્ટ્સ' તેમાં પહેલો સંકલ્પ છે શબ્દની પસંદગી, શબ્દની પવિત્રતા જાળવવી. સર્જન અને વિસર્જન ઘટનાઓ શબ્દ પર આધારિત છે. શબ્દ જ ધરતી પર પ્રેમ અને સ્વર્ગનું સર્જન કરે છે અને નરકના સર્જન માટે પણ શબ્દ જ કારણભૂત છે.ડૉકટર, વકીલ, નેતા, શિક્ષક કે અન્ય દરેક વ્યવસાયમાં જીભની મીઠાશ આવશ્કય છે. વાતમાં સત્યતા હોય પરંતુ તોછડાઈપૂર્વક કહેવામાં આવે તો બેઅસર બને છે. મધમીઠા શબ્દોનો ઉપયોગ કરનારા પ્રેમાળ શિક્ષકો વિદ્યાર્થીઓમાં પ્રિય હોય છે.

કહેવાય છે કે 'જેની જીભમાં અમી એને દુનિયા નમી. શબ્દોમાં ધિક્કાર હશે તો ધિક્કાર પામશો. શબ્દોમાં દ્વેષ હશે તો દ્વેષ અને જો શબ્દોમાં પ્રેમ હશે તો પ્રેમ મેળવી શકશો.

કયારેય કોઈ વાત અંગત લેવી ન જોઈએ. એ રૂઈઝનો આનંદમય જીવન માટેનો બીજો સંકલ્પ છે. બીજા શબ્દોમાં કહીએ તો બંધ બેસતી પાઘડી બેસાડવાથી દૂર રહેવું.

કોઈ એમ કહે કે 'તમે એક નંબરના મૂરખ છો!' તમને આટલીય સમજ પડતી નથી ? તો આ સાંભળીને દુઃખી થઈ જનાર મૂરખ છે. એમ લેખક કહે છે. કારણ જો આપણે દુઃખી થયા તો એ સાબિત થાય છે કે તેમણે કહેલી વાત સાચી છે. સામેના માણસે આપેલો અભિપ્રાય ,શબ્દોનું ઝેર દિલો દિમાગમાં પ્રસરવા માંડે છે.

બીજુ ઉદાહરણ આપતા કહે છે કે - ''તમે ખૂબ સજજન માસ છો, તમારા જેવો મહાન અને ઉત્તમ સ્વભાવવાળો માણસ બીજો કોઈ નથી.'' તો આ અભિપ્રાયને પણ માથે ઓઢી લેવાની જરૂર નથી.

કોઈપણ વાતને અંગત રીતે લેવાની ટેવ છૂટી જશે તો જિંદગીમાં હતાશા, નિરાશા અને ડિપ્રેશનથી આપોઆપ બચી શકાશે. કોઈપણ વાતની કે અભિપ્રાયની બંધબેસતી પાઘડી ન પહેરીએ એ બીજા સંકલ્પનો હાર્દ છે. જીવનને આનંદમય બનાવવું કે દોઝખવાળુ એ નકકી આપણે જ કરીએ છીએ. કેટલાક આ બેલ મુઝે માર જેવું જીવન જીવતાં હોય છે. તો કેટલાંક જંગલમાં મંગલ કરી વાતાવરણને પ્રસન્ન રાખતાં હોય છે. રૂઈઝના અન્ય બે સંકલ્પોની ચર્ચા આવતા અંકમાં કરીશું ?

(આવતા અંકે પૂરૂ)

**મિસરી**

**'છે બન્ને કાળા ને રાશિ પણ એક**
**કોયલ પામે 'વાહ' ને કાગડો 'હડે હડ''**

# દેશના કોઈ એક રાજયના નેતાએ, ગાડી પર કાગડાને બેઠેલો જોઈને ગાડી બદલી કાઢી...



**વ્યંગકથા**
બિપીન ત્રિવેદી

આપણા દેશના કોઈ એક રાજયના નેતાએ, ગાડી પર કાગડાને બેઠેલો જોઈને ગાડી બદલી કાઢી, એ સમાચાર જયારથી વાયરલ થયા છે. ત્યારથી દેશના બધા કાગડાઓએ ચારેકોર કાગારોળ મચાવી દીધી છે. વર્તમાનપત્રમાં આ ઘટનાના સમાચાર વાંચીને અમને અસરગ્રસ્ત કાગભાઈ પ્રત્યે ઘણી જ સહાનુભૂતિ થઈ છે. ગાડી બદલનાર નેતાજી ને શ્રદ્ધાળુ ગણવા કે અંધશ્રદ્ધાળુ તે વિવાદનો વિષય છે. કાગડાઓની તરફેણમાં એક લેખ લખી નાખવા માટે અમારા હાથમાં કયારની ચળ આવતી હતી. તેથી આ લખતી વખતે વિચારમાં ને વિચારમાં અમારાથી બે-ત્રણ વખત કોં.. કોં... કોં... એમ બોલાઈ ગયું. અમારા પત્ની ડઘાઈને આવીને જોઈ ગયા કે, આમને શું થયું છે.

જે રાજયમાં આ ઘટના બની તે રાજયમાં કાગડાઓની સહાનુભૂતિમાં દેશના અને વિદેશના કાગડાઓ આવી આવીને દિલાસો આપી ગયા : 'આવું તો તમારે ત્યાં જ બને. તમે લોકો ચલાવી જ કેમ લો છો? તમારું ટોલરન્સ ગજબનું છે! વિગેરે વિગેરે...'

આ રીતે તેમની પાસે દેશી અને વિદેશી કાગડાઓની કાગવાણીમાં ઓચરી ગયા.

આ ઘટના બન્યા પછી વિરોધ વ્યક્ત કરવા અને નક્કર પગલાં ભરવા માટે, ચિત્રકૂટના ઘાટ પર દેશી કાગડાઓના સમાજની રાષ્ટ્રીય કાર્યકારિણીની એક બેઠક ચાલી રહી હતી. તે વખતે જ હરરોજ અમારી સોસાયટીના નાકે મળતી સાયંકાલીન સભાના સભ્યો સર્વ શંકરલાલ, ચાના ચસકુડીયા નવીનભાઈ, રસયોગેશ્વર, બંડીસ્મામી, લારીમાંથી પાણીપુરીને શુન્ય કરી જનાર, પાણીપુરીના શોકીન એવા 'શુન્ય' પાણીપુરી અને ઉપાધિ આચી, ઉર્ફે ઉપાધ્યાય વિગેરે મિત્રો યોગાનુયોગ તેમની અખિલ ભારત યાત્રાના ભાગરુપે આ સભા સ્થળે પહોંચ્યા હતા. અસરગ્રસ્ત કાગ મહાશય સ્ટેજ પર પોતાનું મ્હોં ફુલાવીને બેઠા હતા.

એક કાગ નેતા પોતાની કર્કશ વાણીમાં પ્રવચન આપી રહ્યા હતા. 'કાગ ભાઈઓ અને બહેનો, આપણા સમાજના અને સમગ્ર હિંદુ જગતની ધર્મપ્રેમી, આધ્યાત્મિક અને શ્રદ્ધાળુ જનતાના પ્રાતઃસ્મરણીય, પરમ વંદનીય, અજર અને અર એવા કાકભૂશંડીજી મહારાજના આપણે સહુ વંશજો છીએ. આ માનવીઓ શ્રાદ્ધમાં કાગવાસ નાખી અને આપણને આહવાન કરે છે, ત્યારે તેમની શ્રાદ્ધની વાનગીઓ આપણે ગ્રહણ કરીએ છીએ. જે આપણા મારફત તેમના પિતૃઓને પહોંચે છે. આ માનવ જાત આમ છતાં આપણી કદર કરતી નથી. તેમને આપણી વાણી કર્કશ લાગે છે. આપણી હાજરી માત્રથી તેઓ ઈન્ટોલરન્ટ થઈ જાય છે. તેઓ આસપાસથી આપણને ભગાડી મૂકે છે. આ લોકોને યાદ નથી કે ખુદ, દેવતાઓ કૃષ્ણાવતાર વખતે બીજા કોઈનું નહીં પરંતુ, આપણા કાગડાઓનું રુપ ધરીને ગોકુળમાં આવતા હતા.અને બાળ કૃષ્ણના હાથમાંથી માખણ અને રોટી આંચકી જતા હતા. જેનું વર્ણન કરતાં એક મહાત્માએ લખ્યું છે કે,... કાગ કે ભાગ કહાં કહીઓ, હરિ કે હાથ સે લે ગયો માખન રોટી.'

આપણા કાગભાઈને જોઈને પોતાની ગાડી બદલી નાખનાર નેતાએ કે અન્ય રાજકારણીઓને હજુ સુધી આપણી માફી માગી નથી. માટે કાગભાઈઓ! આપણે સહુએ હવે એક થવું પડશે. આપણા કાગભાઈ સાથે કોઈ સામાન્ય માનવીએ આવું વર્તન કર્યુ હોત, તો તેનો કોઈ વાંધો ન હોત. પરંતુ આ તો મોટા ગજાના નેતાએ આમ કર્યું છે. જે હરગીજ ચલાવી ન લેવાય. યથા રાજા તથા પ્રજા... એ ન્યાયે તેમનું જોઈને અન્ય લોકો તેમનામાંથી પ્રેરણા લેશે. આપણી સાથે હળાહળ અન્યાય થયો છે.

આજથી સહુ કોઈ પ્રતિજ્ઞા લે અને નક્કી કરે કે, હવેથી આપણે નેતાઓ અને રાજકારણીઓના ઘરે શ્રાદ્ધની તિથિઓમાં પ્રસાદ ગ્રહણ કરીશું નહીં. કોઈ પણ કાગ ભાઈ ખીર પૂરીની લાલચમાં આવીને, નેતાઓ અને રાજકારણીઓની અગાશી પર ભૂલથી પણ ફરકે નહીં. ભલે આ લોકોને પિતૃદોષનું પાપ લાગે. નેતાઓ અને રાજકારણીઓ તમને ખીરના સ્વાદવાળી લોલીપોપ આપે તો પણ તમે કોઈ લલચાશો નહીં.

અહીં હાજર કાગભાઈઓને વિનંતી છે કે, સભા પત્યા પછી સહુ કોઈ શાંતિથી પોતપોતાના માળામાં જાય. આપણે ગાંધી ચિંધ્યા માર્ગે અસહકારનું આંદોલન કરવાનું છે. કોઈ કાગભાઈ કાયદો હાથમાં લઈને રોષમાં આવીને કોઈને ચાંચ મારે નહીં કે, કોઈના પર ચરકે નહીં. તમને ખબર હશે કે હમણાં એક રાજયમાં આંદોલન હિંસક બનતાં, આંદોલનકારીઓને જેલમાં પૂર્યા પછી તેઓને હજુ પણ જેલમાંથી છોડતાં નથી. તેના પરથી સહુએ ધડો લેવો. આ લોકોનો ભરોસો નહીં. બાકી શ્રદ્ધાળુ અને અંધશ્રદ્ધાળુ સહુ નેતાઓને આપણા વગર ચાલશે નહીં. તે વાતે નિશ્ચિંત રહેજો. જય કાકભૂશંડીજી મહારાજ!'

# સાહિત્યકાર અને જાણીતા કવિ ડૉ. રમેશ મહેતા 'સ્વયમ્' ના ગઝલ સંગ્રહ 'મૌન મિજલસ'નું વિમોચન

**સાહિત્ય વૃત્ત**
મૂળજીભાઈ પરમાર 'દધિ'



● શિક્ષણ, ચિત્રકલા અને ફોટોગ્રાફી ક્ષેત્રે નોંધફાત્ર સિદ્ધિ હાંસલ કરનાર ડૉ. હેમંત પંડ્યા લિખિત પ્રથમ નવલકથા 'હેલ્લો ! મિસ્ટર સત્યમ!'નું વિમોચન પત્રકાર રમેશ તન્ના અને ડૉ. કૌશિકભાઈ મહેતાની ઉપસ્થિતિમાં, નવજીવન પ્રેસ, અમદાવાદ ખાતે યોજાઈ ગયું. જેઓ તેમના વતન નિકોલ ગામ (અમદાવાદ) ની શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓ દિલ્હી પ્રેસના 'એલાઈવ' મેગેઝીનમાં ૬૦ જેટલા પુરસ્કાર પ્રાપ્ત કરનાર અને દિલ્હીની એનઓજી 'અવંતિકા' તરફથી ૧૦ વખત સન્માનિત થનાર એકમાત્ર ગુજરાતી તસ્વીકાર અને એકમાત્ર પ્રિન્સિપાલ છે ડૉ. હેમંત પંડ્યા.

● દલિત સાહિત્ય વિમર્શ મંચ, ગાંધીનગર આયોજીત એક વ્યાખ્યાનમાળાનો મણકો તા.૨૬મી જૂન-૨૦૧૬ના રોજ, ડૉ. આંબેડકર ભવન ખાતે યોજાઈ ગયો. જેમાં અગ્રણી દલિત સાહિત્યકાર અને દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પ્રવીણ ગઢવી દ્વારા; સાહિત્યકાર મૂળજીભાઈ ખુમાણ અનુવાદિત 'બાબાસાહેબનાં વ્યાખ્યાન, ભાગ-૩' અન્વયેનું પ્રવચન આપવામાં આવ્યું. જેમાં આવકાર અને આભારવિધિ સાહિત્યકાર સાહિલ પરમાર દ્વારા કરવામાં આવેલ.

● કવિ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના કાર્યવાહક સમિતિના સભ્ય સુ.શ્રી દતા હિરાણીના પાંચ પુસ્તકો (૧) ઝળઝળિયાં (૨) ઝરમર - એ બે કાવ્યસંગ્રહો (૩) ગુજરાતનાં યુવારત્નો (૪) સંવાદ (પ્રાર્થનાઓ) અને (૫) બુલબુલ (બાળવાર્તાઓ)નું વિમોચન અને લોકાર્પણવિધિ ગુ.સા. અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા જાણીતા વિવેચક સુમન શાહ, સુપ્રસિદ્ધ લોકપ્રિય વાર્તાકાર રજનીકુમાર પંડ્યા અને અમદાવાદ બુક કલબના આયોજક ખુરશીદજીના હસ્તે થયું, જેમાં જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા રઘુવીરભાઈ ચૌધરી માનવંતા મહેમાન બન્યા હતા અને આશીર્વાદસહ ઉદ્‌બોધન કર્યું હતું. કાવ્યસંગ્રહ 'ઝળઝળિયા' વિશે ભાગ્યેશ જહાએ પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, 'લતા હિરાણીને કવિતાનો શબ્દ હૃદયના ઊંડાણમાંથી મળે છે. એમણે જે 'ઝળઝળિયા' કાવ્ય સંગ્રહ આપ્યો છે એમાં ઝળઝળિયાં એ આંસુ પહેલાંની અવસ્થા છે, તે ડૂસકું કે ડૂમો નથી. તે અભિવ્યક્તિની અવતરણ ક્ષણ છે અને તે આંખોની છાલી પર મોતીની આભા સર્જે છે.'



● સાહિત્યકાર અને જાણીતા કવિ ડૉ. રમેશ મહેતા 'સ્વયમ્' ના ગઝલ સંગ્રહ 'મૌન મિજલસ'નું વિમોચન અને લોકાર્પણવિધિ સાહિત્યકાર યશવંત મહેતાના વરદ હસ્તે કરવામાં આવ્યું. જે પ્રસંગે અતિથિ વિશેષ તરીકે દિનકરભાઈ દેસાઈ, ડૉ. બહેચરભાઈ પટેલ, ડૉ. બિપીનચંદ્ર મોદી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન કવિ હસમુખ શાહ 'બેઝાર' દ્વારા કરવામાં આવ્યું હતું. આ વિમોચન પ્રસંગે કવિ સંમેલન પણ યોજવામાં આવ્યું હતું, જેમાં ડૉ. રમેશ મહેતા 'સ્વયમ્', યશવંત મહેતા, મનિષ પાઠક 'શ્વેત', હરદ્વાર ગોસ્વામી, કૃષ્ણ દવે, હસમુખ શાહ, રક્ષા શુક્લ, રાધિકા પટેલ, જયંત ડાંગોદરા, ચેતન શુક્લએ પોતાની કવિતાનો પાઠ કર્યો હતો. કવિ સંમેલનનું સંચાલન કવિશ્રી મનિષ પાઠક 'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું.

● બાળકોમાં સાહિત્ય અને માતૃભાષા પ્રત્યે અભિરુચિ કેળવાય તે હેતુસર; ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રથમ બાળસાહિત્ય શિબિર, બોપલ ખાતે શિવાશિષ સ્કૂલ ખાતે યોજાઈ ગયો. જેમાં કુલ-૪૦ બાળકોએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને જાણીતા કવિ શ્રીકૃષ્ણ દવેએ પોતાની બાળ કવિતાઓ બાળકો સમક્ષ ગાઈને ગવડાવી હતી. જયારે કલાકાર આશા ભટ્ટે બાળકોને જ્ઞાનસાથે ગમ્મત મળે તેવી વાતો કરી હતી. આ કાર્યક્રમનું સંકલન લતા હિરાણીએ કહ્યું હતું.

● ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર દેવશંકર મહેતાની શ્રેષ્ઠ વાર્તાઓના પુસ્તકનો વિમોચન સમારોહ તા.૧લી જુલાઈ, ૨૦૧૬ના રોજ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા સાંજે ૫.૩૦ કલાકે, જે.બી. ઓડિટોરિયમ, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન (અટીરા) કેમ્પસ, વસ્ત્રાપુર ખાતે યોજવામાં આવેલ છે.

● નવરચિત સાહિત્ય એવોર્ડ પછી, ગુજરાતી હાસ્ય સાહિત્યક્ષેત્રે નોંધફાત્ર કરાયેલ પ્રદાન માટે; સાહિત્યકારોને ભિન્નભિન્નતા રચયિતા તરીકે લોકમાનસમાં વસેલા રમણભાઈ નીલકંઠના નામ સાથે જોડાયેલ 'હાસ્ય પારિતોષિક'ની આ વર્ષથી શરુઆત ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા કરવામાં આવી છે. જેના પ્રથમ પારિતોષિક માટે પસંદ કરાયેલ વિનોદ ભટ્ટને આ પારિતોષિક ટાગોર હોલ ખાતે અર્પણ કરાયું.

● 'મધર્સ ડે' નિમિત્તે અખિલ હિન્દ મહિલા પરિષદ દ્વારા સુરત ખાતે સાહિત્યકાર રવીન્દ્ર પારેખના પ્રમુખપદે ૧૪ કવિઓએ પોતાની; 'મા' વિષયક્ ઉત્તમ કવિતાઓ રજૂ કરી હતી. કવિતાઓ રજૂ કરનાર કવિઓ રવીન્દ્ર પારેખ, યોગેશ જોષી, જનક નાયક, જયદેવ શુક્લ, બકુલેશ દેસાઈ, યામિની વ્યાસ, એષા દાદાવાલા, ધ્વનિલ પારેખ વિગેરે હતા. આ કાર્યક્રમનું સંચાલન સુશ્રી પ્રજ્ઞા વશીએ કર્યું હતું.

● ગુજરાતના લોકપ્રિય વ્યંગકાર કાર્ટૂનિસ્ટ અને નાટ્યકાર નિર્મિત ઠાકરના ત્રણ હિંદી પુસ્તકો (૧) વક્રરેખા મેં જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા (૨) ગણપત સુરતી કયા કરે (૩) ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી - લહર વ્યંગ ચિત્રોનું વિમોચન; જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા રઘુવીર ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા તથા સુપ્રસિદ્ધ હાસ્યલેખક રતિલાલ બોરીસાગર ઉપસ્થિત રહ્યા હતા. રઘુવીર ચૌધરીએ પોતાના વ્યંગ ચિત્રથી રોમાન્ચ અનુભવ્યો હતો અને કહ્યું હતું કે 'આ પુસ્તક અ-પૂર્વ છે.'

- muljibhaidadhi@gmail.com